દાખલ તારીખ ઃ-૦૯/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ-૦૯/૦૨/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ- ૦૭/૦૩/૨૦૨૬**
સમયગાળો ઃ-વર્ષ - માસ - દિવસ
૦૦ - ૦૦ - ૨૬

૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

**પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.**

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

**<u>ક્રિમીનલ પરચુરણ અરજ નંબરઃ- ૧૧૯/૨૦૨૬.</u>**

આંક ઃ- ૧૦.

***અરજદાર*** ઃ- હર્ષદકુમાર નટવરભાઇ છગનભાઇ પટેલ,
ઉ. વ. આ. - ૪૧, ધંધો - મજુરી.
રહે. માંડોત્રી પ્રાથમિક શાળાની બાજુમાં,
પટેલવાસ, તા. જી. પાટણ.

**વિરૂધ્ધ**

***સામાવાળા*** ઃ- ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત ઃ-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજ.

*********************************************

// અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી આર.એસ.વણકર //

// સામાવાળા/સરકાર તરફે વિદ્વાન પી.પી. શ્રી જે.ડી.ઠક્કર //

*********************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના અરજદાર/આરોપી પાટણ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૨૦૨૬૦૦૦૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૦૯, ૨૯૬(બી), ૩૫૧(૩) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૧.૧) અરજદાર/આરોપીના લેખીત કથન અનુસાર આ કામના અરજદાર/આરોપીની સદર ગુનાના કામે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીને રીમાન્ડ ઉપર સોંપવામાં આવેલ અને રીમાન્ડ પુર્ણ થયા બાદથી જ્યુડી. કસ્ટડીમાં છે. આ કામના અરજદાર/આરોપી ગુના સંદર્ભે કંઈ જાણતા નથી. સદર ગુનામાં અરજદાર/આરોપીએ કોઇજ પ્રકારનો ભાગ ભજવેલ નથી કે સક્રીય ભુમીકા ભજવેલ હોય તેવો કોઇ પુરાવો ન હોવા છતાં અરજદાર/ આરોપીને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. સદર કામે ઈજાપામનારને સારવાર કરાવી રજા આપી દિધેલ છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં ન આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર/આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે રહે છે અને સ્થાવર, જંગમ મિલકત ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૦૨) હાલની અરજી રજુ થતા આ કામના સામાવાળા/સરકારને નોટીસ કરતા, આ કામે સામાવાળા/સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી જે.ડી.ઠક્કર હાજર થયેલ છે.

(૦૩) અરજદાર/આરોપી તરફે વિ. વકીલની રજુઆત એવી છે કે, આ કામે અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૦૯, ૨૯૬(બી), ૩૫૧(૩) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ વિગેરે મુજબનો ગુનો દાખલ થયેલ છે. અરજદાર/આરોપીને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપી તા.૦૩/૦૨/૨૦૨૬ થી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે એક માસ જેટલો સમય કસ્ટડીમાં રહેલ છે. આ કામના અરજદાર/આરોપીનો સદર ગુનાના કામે કોઈ રોલ નથી. સદરહુ ગુનાના ઈજા પામનાર ફરીયાદીને સારવાર કરાવી હોસ્પીટલમાંથી રજા આપી દિધેલ છે જેથી ઈજાપામનારની ગંભીર પરિસ્થિતી હોવાનુ જણાતુ નથી. આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ હોઈ આ કામના અરજદાર/આરોપીની જરૂરીયાત નથી અને ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા થવાની કોઈ સંભાવના નથી. આ કામના અરજદાર/આરોપી સ્થાવર, જંગમ મિલકત ધરાવે છે અને નાસી ભાગી જાય તેમ નથી. કેસની ટ્રાયલ ચાલી આખરી નિકાલ આવતા ઘણો સમય જાય તેમ છે. અરજદાર/આરોપી નિયમીત હાજર રહેશે અને ટ્રાયલમાં સાથ સહકાર આપશે. આ કામના અરજદાર/આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી આ કામના અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૦૪) સદર કામે સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે, આ કામે અરજદાર/આરોપીએ ફરીયાદી સાહેદો સાથે ગાંધીબાગ ખાતે બેઠા હતા ત્યારે આરોપીએ આવી ફરીયાદીને મા બેન સામે ભુંડી ગાળો બોલી અને ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ફેટમાંથી એક ધારવાળુ ચપ્પુ કાઢી ફરીયાદીના પેટમાં મારી ઈજા કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામના અરજદાર/આરોપીએ અગાઉ ઈ.પી.કો કલમ ૩૦૨ મુજબનો ગુનો કરેલ જે કેસ ચાલી જતા આરોપીને સજા થયેલ અને તે કેસના કામે કરેલ અપીલમાં અરજદાર/આરોપી જામીન પર મુક્ત થયેલ છે અને ત્યારબાદ હાલનો ફરીથી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આમ, અરજદાર/આરોપી ગુનાહિત ઈતીહાસ ધરાવે છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો સુલેહશાંતિનો ભંગ થવાની શક્યતા

જણાઈ આવે છે. આ કામના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી પુરી શક્યતા છે. જેથી તપાસ કરનાર અધિકારીના સોગંદનામાની હકીકત તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૦૫) આ કામે બંને પક્ષકારોની દલીલો તેમજ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું. સદર કામે અરજદાર/આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આ કામના ફરીયાદી ઈજાપામનાર અન્ય સાહેદો સાથે ગાંધીબાગ ખાતે આવીને બેસેલ હતા તે વખતે અરજદાર/આરોપી ગાંધીબાગ ખાતે આવી ફરીયાદીને મા બેન સામે ભુંડી ગાળો બોલી અને ભુંડી ગાળો બોલવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઇ જઇ ફેટ માંથી એક ધારવાળુ ચપ્પુ કાઢી ફરીયાદીના પેટમાં મારી ઈજા કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૫.૧) સદર કામે તપાસ કરનાર અમલદાર શ્રીનુ સોગંદનામુ તથા પોલીસ પેપર્સ વંચાણે લેવામાં આવે તો આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીને પેટના ભાગે ગંભીર પ્રકારની ઈજા પહોચાડેલ છે. ફરીયાદીનુ સંજીવની હોસ્પીટલમાં સારવાર કર્યા અંગે નુ સર્ટીફીકેટ રજુ કરેલ છે તે જોતા ગંભીર ઈજા થયેલ છે. સદરહુ બનાવ તા.૦૨/૦૧/૨૦૨૬ના રોજ બનેલ છે અને આ કામના અરજદાર/આરોપી ને તા. ૦૩/૦૨/૨૦૨૬ના રોજ અટક કરવામાં આવેલ છે. આમ, એક માસ સુધી અરજદાર/આરોપી નાશતો ભાગતો ફરેલ છે. વધુમાં, અરજદાર/આરોપી વિરૂદ્ધ અગાઉ સે.કે.નં. ૬૧/૨૦૧૧ થી ઈ.પી. કલમ ૩૦૨ વિગેરે મુજબના ગુનાનો કેસ ચાલેલ જે કેસના કામે આરોપીને સજા કરવામાં આવેલ છે. આમ. અરજદાર/આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવે છે. સદરહુ ગુનાની તપાસ હાલ ચાલુ છે અને અરજદાર/આરોપીની સદર ગુનામાં સંડોવણી હોવાનું અને મુખ્ય રોલ હોવાનું હાલના તબક્કે જણાઈ આવે છે. જોકે અદાલતે જામીન અરજીના તબક્કે કેસના ગુણદોષમાં ઉતરવાનું હોતું નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા તેમજ અરજદાર/

આરોપીનો રોલ, ગુનાની સજાની જોગવાઈ, કેસની હકીકત, સંજોગો, ગુનાની ગંભીરતા વિગેરે ધ્યાને લેતાં હાલના તબક્કે અદાલતને મળેલ વિવેકબુદ્ધિની સત્તા આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવાનું યોગ્ય જણાતું ન હોઈ, આ કામના અરજદાર/આરોપીની જામીન અરજી અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ અન્વયેની અરજદાર/આરોપીની ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૧૯/૨૦૨૬ ની રેગ્યુલર જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00524 )**